**આંક–**

# મે. મજૂર અદાલત, નડીઆદ (જી. ખેડા) ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ

**બી.આઈ.આર. અરજી નં. : ૦૧/૨૦૧૭**

અરજદાર : કરણ સિંહ ઉદેસિંહ વાઘેલા,
રહે.ભગવાનપુરા, ચકલાસી,
તા.નડીઆદ, જી.ખેડા.

**વિરૂધ્ધ**

સામાવાળા : જનરલ મેનેજરશ્રી,(એચ.આર.)
મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ લી.,
નડીઆદ. જી.ખેડા.

**હાજર રહયા :–** અરજદાર તરફે વિ.પ્રતિનિધિશ્રી એ.એ.પઠાણ
સામાવાળા તરફે વિ.વ.શ્રી બી.કે.ઓઝા

**: એ વો ર્ડ :**

આ કામના અરજદારે હાલની અરજી મુંબઈ ઔદ્યોગીક સબંધક ધારાની કલમ–૭૮,૭૯ અન્વયે કરેલી છે. આજ રોજ અરજદાર જાતે તેમના પ્રતિનિધિ, સામાવાળી સંસ્થાના જવાબદાર અધિકારી તથા તેમના વિ.વ.શ્રી એ હાજર થઈ આંક–૪૨ થી સમાધાન રજુ કરેલ છે અને રૂા.૫,૪૪,૨૪૪/– માં અરજદાર તેમનો પડેલા દિવસોના પગાર તથા પુન:સ્થાપિત થવાની દાદ જતી કરતા હોવાનું જણાવે છે. અરજદારને પુછતાં તેઓ સદરહું સમાધાન રાજીખુશીથી અને કોઈના પણ દાબ–દબાણ વગર કરતા હોવાનું તથા તેઓને સમાધાન વાંચી–સંભળાવતા કબુલ–મંજુર હોવાનું જણાવે છે. આમ હવે આ કામે કંઈ કરવાનું રહેતું ન હોઈ, સદરહું કામ આજ રોજ લોક અદાલતમાં સમાધાનમાં દર્શાવેલ શરતો મુજબ સમાધાનથી ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬**
**નડીઆદ.**
(M.D.)

**(ભાવેશ કિશોરકુમાર રાવલ)**
**પ્રિસાઈડીંગ ઓફિસર**
**મજૂર અદાલત, નડીઆદ.{GJ01255}**